


## સલામી સવારની..

*મૂલાકાતીઓની આવ-જા પર લગામ ખેંચી છે,*
*ને આતંકી દેશોની વૃત્તિ પર લગામ ખેંચી છે,*
*ખેંચી છે લગામ વિશ્વ સંગ્રામે ચાંચ મારવા પર -*
*ને ઉદાર વિઝા-નીતિઓ પર લગામ ખેંચી છે...*
*(ટ્રંપનો ધનુષ ટંકાર)*

**હાઈકુ**

*અમેરિકાની,*
*લોકશાહી બિમાર -*
*ટ્રંપ વિરોધ...*
*(ચૂંટેલા પ્રમુખનો વિરોધ)*

*આવતી વહુ,*
*ને બેસતા રાજાની -*
*થાય કસોટી...*
*(અમેરિકી મીડિયાને બિનાનની સૂચના)*

## ચિંતન

*પ્રિયવાક્પ્રદાનેન સર્વે તુષ્યન્તિ જન્તવઃ ।*
*તસ્માત્તદેવ વક્તવ્યે વચને કા દરિદ્રતા ॥*

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત સંગ્રહમાંથી લેવામાં આવેલ છે.

પ્રિય વચનો બોલવાથી જગત પર બધા જ જીવજંતુઓ (પ્રાણીઓ) પ્રસન્ન થાય છે, તો પછી પ્રિય વચન બોલવામાં શા માટે દરિદ્રતા રાખવી? (ન રાખવી જોઈએ.)

સત્ય વચન હંમેશાં કડવાં હોય છે કોઈને સાંભળવાં કે અમલમાં મૂકવાં ગમતાં નથી - આથી શાસ્ત્રમાં પણ કહેવામાં આવ્યું છે સત્ય બોલવું પણ મધુર રીતે - સારી ભાષામાં કોઈના હૃદયને દુઃખ ન પહોંચે એમ કહેવું - દરેકને પ્રિય - પ્રશંસાના વચન જ સાંભળવાં ગમે છે. પશુ-પંખી-પ્રાણીઓ પણ પૂચકાર અને ધૂત્કારની ભાષા સમજે છે.

## સુવિચાર

- નિર્દોષ ઊંઘ મેળવવા માટે દિવસે આચાર-વિચારમાં નિર્દોષ રહેવું જોઈએ, નિંદ્રાવસ્થા એ જાગૃતઅવસ્થાની પારાશીશી છે - **ગાંધીજી**
- કર્મ, જ્ઞાન અને ભક્તિ એ ત્રણેયનું ઐક્ય એ શ્રેષ્ઠ પુરસ્કાર છે - **અરવિંદ**
- તર્કનું સત્ય નહીં, પણ આત્માના મનોમંથનમાંથી જન્મેલું સત્ય જ પૂર્ણ સત્ય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- કુદરતી દુઃખ એ કસોટી છે, ઊભું કરેલું દુઃખ એ શિક્ષા છે - **મોરારિ બાપુ**
- તમે જાણો છે તે વિજ્ઞાન છે, નથી જાણતા તે તત્ત્વજ્ઞાન છે - **પૂજ્ય મોટા**
- જયાં સુધી આશા વળગેલી છે ત્યાં સુધી એકાગ્રતા આવતી નથી - **સ્વામિ રામતીર્થ**
- આજનું ઓષધ : કારેલાનો જ્યુસ બે ચમચી તથા બે ચમચી મધ ૩૦ દિવસ લેવાથી અલ્સર તથા બીજી પેટની તકલીફમાં રાહત થાય છે. **(સંકલન : દિપક વી. આસરા)**

## બોધકથા

આજે વર્ણવ્યવસ્થા નષ્ટ થઈ ગઈ છે. પરિણામે આપણને કેટલાંય અનિષ્ટનો સામનો કરવો પડે છે. આજે ક્ષત્રિય સાફસૂફી કર્મચારી તરીકે કામ કરે છે અને કેટલીયે કોમના લોકો યજ્ઞયાગ કરાવતા થઈ ગયા છે. હવામાનની જેમ સામાજિક વ્યવસ્થામાં પણ સખડ ડખડ થઈ ગયું છે. કહેવાનું તાત્પર્ય એ નથી કે વર્ણવ્યવસ્થા પાછી લાવો પણ ક્ષત્રિય સૈન્યમાં જોડાય, વણિક ઉદ્યોગ સંભાળે, બ્રાહ્મણ શિક્ષણ વ્યવસ્થામાં મદદરૂપ થાય અન્ય વર્ણ મનપામાં અધિકારી થઈ શકે. આપણા લોહીમાં જ સંસ્કાર છે.

રાણી પદ્માવતી એ પોતાનો પુત્ર વનરાજસિંહ કુમાર અવસ્થામાં પહોંચતાં જ ગુરુ શીલગુણ સૂરિને પોતાના પુત્રને દિવ્ય યતિ થવાના સંસ્કાર આપવા માટે સોંપી દીધો. વનરાજ સૂરિ પાસે અધ્યાત્મ શિક્ષણ લેવા લાગ્યો. આશ્રમમાં એક ઉંદરનો ત્રાસ હતો. સૂરિશ્વરજી એ વનરાજને ઉંદર પર નજર રાખવા સૂચના આપી. વનરાજે પછી ઉંદર જોયો અને ગુરુ પાસે સ્વાધ્યાય કરતો હતો ત્યાંથી જ ગિલોલ પર પથ્થર ચઢાવી - ઉંદરને તાકી મારી નાખ્યો. ગુરુ કહે, મેં તને નજર રાખવાનું કહ્યું હતું - મારવાનું નહીં. વનરાજ કહે - દુષ્ટને તો મૃત્યુદંડ જ અપાય. સૂરિ તેને તાત્કાલિક પરત સોંપી આવ્યા - કહ્યું બહેન, તારો પુત્ર રાજા થવાને લાયક છે.

# દેશને બજેટમાં રાહતોની અપેક્ષા છે

**તંત્રીસ્થાનેથી...**

વિદુર અને ચાણક્ય જેવા નીતિશાસ્ત્રકારોને રાજાએ પ્રજા પાસેથી કેટલો કર વસૂલવો એની સમજણ આપવા ફૂલ અને મધમાખીનું દૃષ્ટાંત આપ્યું છે. ફૂલને લગાર સરખી ઈજા પહોંચાડ્યા વગર મધમાખી એનો રસ ચૂસી લે છે. એથી ફૂલ ગરીબ નથી બની જતું. ઊલટાની એની ફોરમને પેલા ભમરા કે મધમાખીની પાંખો ફેલાઈ જવાની તક સાંપડે છે. રાજાએ પ્રજાને ઘસરકો ન પહોંચે એવી કાળજીપૂર્વક કર વસૂલવા જોઈએ જેથી એ નાણાં દ્વારા વિકાસનાં કાર્યો કરી શકાય અને સુચારુ વહીવટ ચલાવી શકાય. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને એમના વરિષ્ઠ નાણામંત્રી અરુણ જેટલીની જુગલ જોડી માટે નોટબંધી જેવા ક્રાંતિકારી અને સાહસિક કદમ પછી આવેલ બજેટ કોઈ નાનોસૂનો પડકાર નથી. વળી આ બજેટ ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, ગોવા અને મણિપુર જેવાં પાંચ પ્રતિનિધિ રાજયોની વિધાનસભાની ચૂંટણીના સમયે રજૂ થઈ રહ્યું છે એટલે દેખીતું છે કે મતદારો પર સાનુકૂળ પ્રભાવ ઊભો કરવા માટે પણ એને સવિશેષ લોકાભિમુખ સ્વરૂપ આપવાનો પ્રયાસ થાય. પ્રજા અધ્ધર શ્વાસે બજેટમાં જાહેર થનારી સંભવિત રાહતો અને સાનુકૂળ ટૅક્સ સ્લૅબની અપેક્ષા રાખશે. જેટલીની જાદુઈ પેટીમાંથી શું નીકળશે એની કલ્પના કરવી અઘરી છે, પણ તેઓ અત્યારના સર્વિસ ટેક્સનો દર વધારી ૧૬ થી ૧૮ ટકા કરશે એવી દહેશત ફેલાયેલી છે. જો આમ થશે તો સ્વાભાવિક રીતે જ ફોનથી લઈ વિમાન સેવા સુધી બધું જ મોંઘું થશે. વડાપ્રધાને બિહાર જઈને નીતીશકુમારના દારૂબંધીના નિર્ણયને બિરદાવ્યો હતો. બની શકે કે જેટલીના બજેટમાં સિગારેટથી લઈ દારૂ સુધીની મોજશોખની બાબતો મોંઘી બને. લક્ઝુરિયસ આઈટમો મોંઘી બને એની સામે સામાન્ય માનવીને ભાગ્યે જ વાંધો હોઈ શકે. એનો સીધો સંબંધ 'રોટી, કપડા ઔર મકાન' જેવી પાયાની જરૂરિયાતો સાથે છે.

બજેટ પછી મકાન માટેની લોન સસ્તી થાય એવું તે જરૂર ઈચ્છે. વળી પોતાની મરડમૂડી જેવી બચત પર મળતું વ્યાજનું વળતર અકબંધ રહે, તેવું પણ સિનિયર સિટીઝનથી લઈ દરેક ખાતેદાર ઈચ્છશે. સરકારે નોટબંધીનું ક્રાંતિકારી પગલું ભરીને મોટા ભાગનું કાળું નાણું એક યા બીજા સ્વરુપે બેંકો હસ્તક કરાવી દીધું છે. સરકાર પાસે હવે રૂપિયા જ રૂપિયા છે, જેનો લાભ એ લક્ષિત વર્ગોને આપી શકે એમ છે. ધંધોરોજગાર માટે ઓછા વ્યાજે લોન મળે એવી અપેક્ષા કોને ન હોય? વિપક્ષો સરકારને મુઠ્ઠીભર માલેતુજારોની તરફદાર ગણાવી ભાંડતા રહ્યા છે, કારણ કે ઉદ્યોગપતિઓને એ પાણીના ભાવે મોંઘી જમીનો પધરાવતી રહી છે. એથી મૂડીરોકાણ ઉપરાંત રોજગારી જરૂર વધે છે, પરંતુ જે સરળતાપૂર્વક તાતા-અંબાણી કે અદાણીનું કામ થાય છે એની સામે સામાન્ય નાગરિકને કેટલા ધક્કા ખાવા પડે છે! વળી એટકા ધક્કા ખાધા પછી પણ કલાકો લગી લાઈનોમાં ઊભા રહ્યા પછી ય એનું કામ થયું તો થયું નહીંતર ઈશ્વરને જે ગમ્યું તે ખરું! પ્રજા લોકશાહી શાસન પાસે આ નાના મોટા વચ્ચેનો ભેદ ભૂંસવાની અપેક્ષા રાખતી હોય તો એમાં ખોટું પણ શું છે? કરમુક્તિની મર્યાદા વધશે તો નાગરિકો સાચી આવક છુપાવવાની પળોજળમાં નહીં પડે. ટીડીએસની પજવળીનો પણ ઉકેળ શોધાય તે જરૂરી છે. પ્રજાને તો એનું જીવનધોરણ ઊંચું લાવવું છે, એમાં સરકાર કેટલી મદદરૂપ થઈ શકે એમ છે, તે આગામી બજેટ પરથી નક્કી થશે. પોતાનાં જ નાણાં બેંકોની તિજોરીમાં કેદ થઈ ગયા હતાં એથી છેલ્લાં દિવસો દરમિયાન પ્રજાને ઘણી હાલાકી વેઠી છે. બજેટ સત્રના પહેલા જ દિવસે નાણાં ઉપાડવાની અનુકૂળતા જરૂર રાહતરૂપ લાગશે પરંતુ આખરે તો બજેટથી ભાવવધારો જ થાય, મોંઘવારી ન વધે, જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ સસ્તી બને અને શક્ય એટલું ઓછું કરભારણ આવે તેવી અપેક્ષા રાખવાનો લોકશાહી રાષ્ટ્રની પ્રજાને જન્મસિદ્ધ અધિકાર હોવો જોઈએ.

# અંકિતને તેનું રીઝલ્ટ બતાવી ખાત્રી કરાવી ન હોત તો... કોણ જાણે શું કરી બેસત




વત્સલે તેના મિત્ર અંક્તિને કહ્યું 'યાર કાલે તો આપણું રીઝલ્ટ આવવાનું છે. જોજે મારે ફર્સ્ટ કલાસ આવશે. પણ તું કેમ કંઈ બોલતો નથી. બોલ તારું રીઝલ્ટ શું હશે?'

વત્સલની વાત સાંભળીને અંકિત ઉદાસ થઈ ગયો. ત્યારે વત્સલે પૂછી નાખ્યું. અંકિત તું કંઈ બોલતો કેમ નથી. અને તારા ચહેરા પર આટલી નિરાશા કેમ છે? તમે તો કહે વાત શું છે.

અંક્તિ કહ્યું વત્સલ મારું ગુજરાતીનું પેપર સારું ગયું નથી. તેથી મને બીક છે કે કદાચ હું પરીક્ષામાં ફેઈલ ન થઈ જાઉં તો સારું. એ વાતની જ મને ચિંતા છે. જો હું પરીક્ષામાં નાપાસ થઈશ તો ટ્રેઈનની આગળ... હજુ અંક્તિ આટલું બોલ્યો ત્યાં વત્સલે તેના મોં આડો હાથ દઈ દીધો અને કહ્યું. 'ખબરદાર આવું કંઈ બોલ્યો તો, મારાથી ખરાબ કોઈ નહીં હોય.'

'આવું બધું કાયર અને ડરપોક હોય તે વિચારે, તું તારા મનમાંથી ડર કાઢી નાંખ.'

કાલે જોજે તું પણ ફર્સ્ટ કલાસમાં હોઈશ. ચાલ જા હવે વત્સલ તું મને મૂર્ખ ન બનાવ. પેપર મેં લખ્યું છે તે નહીં. મને તો પુરો વઈશ્વાસ છે કે તું નાપાસ થવાનો.

વત્સલેય કહ્યું અંકિત હું તને મારી સ્કૂટીથી ઘેર મુકી જાઉં. કાલે તું પાસ થઈશ તેની ખુશીમાં પેંડા ખાવા આવીશ.

અંક્તિ સ્કૂટી પર બેસતાં બોલ્યો. જો હું પાસ થઈ તો તને પેંડા ખવડાવીશને!

વત્સલ અંક્તિને તેના ઘરે મુકીને કહેવા લાગ્યો કાલે આપણે સાઈબક કૅફેમાં નેટ પર આપણું રીઝલ્ટ લેવા જઈશું. એટલું કહી ને વત્સલ પોતાને ઘેર જતો રહ્યો.

બીજે દિવસે વત્સલ અંક્તિને કહ્યા વગર સાઈબર કેફે પહોંચી ગયો અને પોતાનો તેમજ અંકિતનો રોલ નંબર આપી કહ્યું આ બે નંબરનાં રીઝલ્ટ જોઈ આપો. સાઈબર કેફેના માલિકે કહ્યું, બંને રીઝલ્ટ માટે પહેલાં પચાસ રૂપિયા આપ નેટથી પછી રીઝલ્ટ કાઢી આપું.

વત્સલે ખિસ્સામાંથી પચાસ રૂપિયા કાઢ્યા અને સાઈબર કેફેના માલિકને આપતાં બોલ્યો, હવે રીઝલ્ટ કાઢી આપો. રીઝલ્ટ મળતાં જ વત્સલની ખુશીનો પાર ન રહ્યો. કેમ કે તેની સાથોસાથ તેનો મિત્ર અંક્તિ પણ ફર્સ્ટ કલાસમાં પાસ થઈ ગયો હતો.

રીઝલ્ટ લઈને વત્સલ અંક્તિને ઘેર પહોંચ્યો ત્યારે ઘેર અંક્તિની નાની બહેન પ્રિયાએ કહ્યું કે અંકિત ભાઈ તો સવારનો કોઈને કંઈ કહ્યા વિના કોણ જાણે કયાં જતો રહ્યો છે. તેને શોધવા મમ્મી-પપ્પા નીકળ્યાં છે.

આટલું સાંભળતાં વત્સલ સમજી ગયો કે અંકિત આત્મહત્યા કરવા રેલવેના ફાટક બાજુ ગયો હોવો જોઈએ. વત્સલ પોતાની સ્કૂટી ઝડપભેર ચલાવતો રેલવેના ફાટક પહોંચી ગયો. સાબરમતી ટ્રેન આવવાની હતી. વત્સલે પોતાની સ્કૂટી એક બાજુ મુકી લોક કરી દીધી. ફાટકની બંને બાજુ વાહનોની ભીડ હતી. તેમાં તે અંકિતને શોધવા લાગ્યો. ત્યાં તો તેની નજર રેલવેના પાટાની બાજુમાં ઉભેલા અંકિત પર પડી. વત્સલ દોડીને અંકિતની પાસે પહોંચી બોલ્યો, 'યાર અંકિત, તું અહીં શું કરે છે?'

'વત્સલ તું જે સારા સમાચાર સંભળાવવા માંગતો હોય તે અહીં જ સંભળાવી દે. હવે હું ઘેર જવાનો નથી.'

આટલું સાંભળતાં જ વત્સલે અંક્તિને પોતાનું અને તેનું રીઝલ્ટ બતાવતા કહ્યું, 'જો આપણે બંને ફર્સ્ટ કલાસમાં પાસ થઈગયા છીએ. રીઝલ્ટ જોઈને તો હવે મારી સાથે આવીશને તારે ઘરે. આજ તો મારે તારા હાથે પેંડા ખાવા છે અને સાંજે પાર્ટી પણ આપવી પડશે સમજ્યોને.'

રીઝલ્ટ જોઈને અંકિતે વત્સલને કહ્યું, 'દોસ્ત મને માફ કરી દે. મને તો બિલકુલ વિશ્વાસ નહોતો કે હું પાસ થઈ જઈશ. જો તું સમયસર અહીં ન આવ્યો હોત તો હું તો રીઝલ્ટ જોવા વગર જ...'

ત્યારે વત્સલે અંક્તિના મોઢે હાથ દઈને કહ્યું, હવે આગલ એક શબ્દ પણ બોલતો નહીં. નહીંતર મારાથી ખરાબ કોઈ નહીં હોય. 'આટલું કહીને વત્સલ અંકિતનો હાથ પકડી ટ્રેનના પાટા નજીકથી બહાર લઈ આવ્યો. અને પોતાની સ્કૂટી પર અંક્તિમાં ઘર તરફ બંને પુરઝડપે ચાલી નીકળ્યા.'

ઘેર પહોંચીને અંક્તિે જોયું કે તેના મમ્મી-પપ્પા અને બહેન પ્રિયા જમીન પર બેસીને પડતા હતા.

અનુસંધાન પાના નં. ૭ પર

# સંબંધમાં ઝુકવાની અને નમતું જોખવાની કળા




મહાન જર્મન લેખક, ફિલસૂફ, સાયકોલોજીસ્ટ, સાયકોએનાલિસ્ટ, લોકશાહી સમાજવાદી ચળવળકર્તા એરિક ફ્રોમ (૧૯૦૦-૧૯૮૦) આમ તો ''ધ આર્ટ ઓફ લવિંગ'' પુસ્તકથી વધુ જાણીતા છે. તેઓ કહે છે કે ''પ્રેમ જીવનનું રસાયણ છે. પ્રેમ જીવનની ઊર્જા અને ઉષ્મા-સુષ્મા છે. પ્રેમ માગવાનો ન હોય. આપીને પામવાનું નામ એટલે પ્રેમ. પ્રેમ કદી ક્યારેય કોઈને ઝુકાવે નહીં. પ્રેમ ઝુકી જાય છે, પણ કોઈને ઝુકાવવા કે નીચા દેખાડવાનું પસંદ કરતો નથી.''

**પ્રેમમાં પણ કોઈ અપેક્ષા કે લેવડદેવડ યા ફરજ નિભાવવાનો ભાવ હોવો જોઈએ નહીં, પરસ્પર સમજણનો સેતુ ગાઢ-પ્રગાઢ હોવો જરુરી છે, એક વ્યક્તિ કશું પણ ન બોલે અને બીજી વ્યક્તિ બધું જ સમજી જાય એનું નામ પ્રેમ**

સંબંધ કોઈ પણ હોય પરંતુ એમાં અહમનો ટકરાવ હોવો જોઈએ નહીં. લાગણી દિલથી હોવી જોઈએ, ફક્ત શબ્દોના સાથિયા પુરવાનો કોઈ અર્થ નથી. માત્ર દેખાડો અથવા બાહ્યાડંબર કરવાથી સંબંધમાં મધુરતા લાવી શકાતી નથી. દરેક સંબંધમાં ઝુકવાની અને નમતું જોખવાની કળા હોય એ વ્યક્તિ જ શ્રેષ્ઠ સાબિત થાય છે. જેને સંબંધ નિભાવતા આવડે છે તે હંમેશા જતું કરવાની ભાવના, લેટ ગો કરવાનો અભિગમ રાખે છે. જો કે જતું કરવાની ભાવના એટલે સંબંધ જાળવી રાખવા માટે એક જ પક્ષને ગરજ છે, એવો અર્થ કાઢવાની ભુલ કરવી જોઈએ નહીં.

જ્યાં સુધી આપણે આપણી જાતને બીજાની નજરથી તોલવા-જોખવાનો પ્રયાસ કરીશું ત્યાં સુધી આપણે પાછળ અને પછાત જ રહીશું. એ જ રીતે જ્યાં સુધી આપણે અન્ય કોઈથી આગળ રહેવાનો પ્રયાસ કરતા રહીશું ત્યાં સુધી આપણે આપણી જાતને પાછળ જ હોવાનું અનુભવીશું. જેણે આગળ રહેવા પ્રયાસ કર્યો તે હંમેશા અનુભવી શકે છે કે તે કાયમ પાછળ જ છે. જે વ્યક્તિ સ્પર્ધા કરે છે તેના ભાગે હારવાનું જ આવે છે.

મહાન વિચારક લાઓત્સે કહે છે કે ''જે વ્યક્તિ આગળ જવાની જીદ ન કરે અને આગળ જવાની સ્પર્ધામાં ભાગ જ ન લે તે પોતાની જાતને આપોઆપ શ્રેષ્ઠતાની યાદીમાં સ્થાન મેળવી લે છે.'' જે લોકો દોડમાં સામેલ થઈ જાય છે તે આપોઆપ જ હીન બની જાય છે અને જે લોકો દોડની સ્પર્ધામાંથી બહાર નીકળી જઈને પાછળ ઉભા રહી જાય છે, તેની શ્રેષ્ઠતા આપોઆપ પુરવાર થતી જાય છે. કારણ કે તમે જો પાછળ હશો તો તમારી અને અન્યની કોઈ તુલના પણ નહીં કરે. હવે જ્યારે કોઈ સાથે તમારી તુલના જ થવાની ન હોય તો તમે હીન કઈ રીતે હોઈ શકો. એટલે કે તમે પાછળ રહો છો ત્યારે તમે આપોઆપ જ હીનના વિકલ્પે શ્રેષ્ઠ સાબિત થઈ જાવ છો.

જ્યારે વ્યક્તિ ઝુકવાનું જાણવા લાગે છે ત્યારે એનામાં હીનતા કે લઘુતા પ્રવેશી શકતી નથી. શ્રેષ્ઠ વ્યક્તિ કેવળ એ જ છે કે જે વ્યક્તિ શ્રેષ્ઠતા સાબિત કરવા માટે કોઈ પ્રકારની દોડ કે સ્પર્ધામાં સામેલ થતી નથી, બલકે પોતાનું કર્મ અને કર્તૃત્વ કર્યે જ જાય છે.

દરેક સંબંધનું આયુષ્ય એ બાબત ઉપર આધાર રાખે છે કે વ્યક્તિમાં ધીરજ, સહનશક્તિ અને સંબંધ સાચવવાની ખેલદિલી કેટલી છે. માનવીય વ્યવહારોમાં એવું પણ બનતું રહેવાનું કે કોઈ વ્યક્તિનો કોઈ એક વ્યવહાર આપણને ન પણ ગમે. પરંતુ એટલા કારણસર વ્યવહાર કરનાર વ્યક્તિ ખરાબ ન હોઈ શકે. ભુલ થાય તો સુધારી લેવાનો અભિગમ એટલે ઝુકવાની કળા અને ભુલી જવાની, જતું કરવાની કળા. ઓશોએ પણ કહ્યું છે કે કોઈ પણ જાતના ગરજ અથવા મતલબ વિનાનો પ્રેમ હોય તો એ માનો પ્રેમ હોય છે. એ પછીના બીજા ક્રમે બે વિજાતિય વ્યક્તિ વચ્ચેના સંબંધના પ્રેમની વાત આવી શકે.

પ્રેમમાં પણ કોઈ અપેક્ષા કે લેવડદેવડ યા ફરજ નિભાવવાનો ભાવ હોવો જોઈએ નહીં. પરસ્પર સમજણનો સેતુ ગાઢ-પ્રગાઢ હોવો જરુરી છે. એક વ્યક્તિ કશું પણ ન બોલે અને બીજી વ્યક્તિ બધું જ સમજી જાય એનું નામ પ્રેમ. આ પ્રેમ એકબીજાને નુકસાન ન પહોંચાડે, એકબીજાનું ખરાબ ન કરે અને ખરાબ ઈચ્છે પણ નહીં. પ્રેમમાં બદલાની કોઈ ભાવના ન હોય. પ્રેમમાં એક વ્યક્તિ બીજી વ્યક્તિનું હંમેશા સારું અને બહેતર જ ઈચ્છે, એનું નામ પ્રેમ.

**સ્ટોપર :**

''વિશ્વમાંથી જો પ્રેમને બાદ કરી દેવામાં આવે તો દુનિયામાં શું બચે, વન, વૃક્ષો, પહાડો, નદીઓ, દરિયા...?''

**— મા અમૃતાનંદમયી**

# નદી કે પર્વત...!! સાસુ અને દીકરીને દાવ આપી રહેલી સ્ત્રીની પદુડી કાઢતી રમત...!!




'અમે કયારેય નથી વાપર્યું આ માઈક્રોવેવ ઑવન, તને ભલે એનો ક્રેઝ' આવા સાસુના મ્હેણાં સુમને લગન કરીને આવ્યા બાદ ઘણીવાર સાંભળેલા... અને આજકાલ દીકરી સિદ્ધિ 'મમ્મી, જલ્દી ઑવનમાં પિત્ઝા ગરમ કરને ! આ શું ગેસ પર તવી મુકે છે.' એવી ફરમાઈશ કરે છે. બે અલગ પેઢીના લોકો વચ્ચે સુમન બંનેને ખુશ રાખવાના પ્રયત્નમાં છે.



બે બહેનપણીઓ ઘણાં દિવસે મળી અને એમનામાં આ વાતચીતનો દોર ચાલ્યો. સુમન જરાં અસમંજસમાં હતી. એણે બહેનપણીને કહ્યું, 'દીકરી અને સાસુની જુગલબંધીમાં મારી હાલત અરધી થઈ ગઈ છે. બંને બાજુથી સાંભળવું જ પડે છે. એ આપણી પેઢીને જ સંભળાવે છે. આપણે આપણાં મા-બાપનું સાંભળ્યું અને હવે છોકરાઓનું પણ સાંભળીએ છીએ.' ઉપરથી સામાન્ય લાગતી આ વાત ગહન છે. અત્યારે જે લેટ ફોર્ટી કહેવાય એવાં મા-બાપ કે સ્ત્રીઓની હાલત એકદમ ત્રિશંકુ છે. જેમ જેમ ચાલીશથી પચાસની વચ્ચે જીવતી સ્ત્રીને સમજતા જઈએ એમ એમ નવા અધ્યાય નજર સમક્ષ આવે છે.

'નદી કે પર્વત' નામની રમત આપણે નાનપણમાં રમ્યા હોઈશું. આ રમતમાં દાવ લેનાર 'નદી' કે 'પર્વત' જે બોલે એ પ્રમાણે ઝડપથી કુદકો મારીને એ જગ્યાએ પહોંચવું પડતું નહીં તો આઉટ થવા. આ રમત સાવ અસ્થિર કયારે શું બોલે ખબર જ ન પડે, એલર્ટ રહેવું પડે. આજની આ ચાલીશથી પચાસ વર્ષની સ્ત્રીઓને જોતાં સહેજે એ રમત યાદ આવે છે. (કોઈક અપવાદ બાદ કરતાં) સામાન્ય રીતે ૧૯૬૦ થી ૭૫-૭૬માં જન્મેલી સ્ત્રીઓ આ રમતમાં દાવ આપતી દેખાય છે.

આ સમયગાળામાં જન્મેલી સ્ત્રીઓએ કટોકટી, ભૂદાન, જયપ્રકાશ આંદોલન, ઈંદિરા ગાંધી - રાજીવ હત્યા, ખાલીસ્તાન ચળવળ, અનામત આંદોલન, સ્ત્રીમુક્તિથી લઈને છેક હમણાં નોટબંધી જેવી રાજકીય અને આર્થિક ઉથલબાથલ જોઈ છે. ભલે આ બધી ઘટનાઓ રાજકીય હોવા છતાં એનાં સામાજિક પડઘાં પડે છે. જેમ સરહદ અને જમીન સંપાદનના જખ્મો હજુય જીવતાં વૃદ્ધોના કાળજે કોરાયા છે એમ જ એક સાદો કાળો ફોન કે જે સહજ પ્રાપ્ત નહોતો ત્યાંથી મોટી થયેલી આ સ્ત્રીઓના હાથમાં સ્માર્ટફોન આવ્યાં જેટલો બદલાવ જોયો છે?

યાદ આવેલી થોડીઘણી મદદથી એક મોટો પ્રવાસની વાત વ્યક્ત કરી છે. ઘૂંઘટ અને સાડી પરથી ગાઉન - શોર્ટ સુધી સરકેલી પેઢીની વાત સમાઈ છે. એક બદલાવમાંથી બીજા બદલાવ સુધી આ પેઢીએ ઘણી તડકી છાંયજી જોઈ છે, અને એ પણ એ ઘરના બહારના મ્હેણાં-ટોણાં સાંભળતાં... યાદ કરો દરેક ફિલ્મ કે ઈવન છેલ્લે ઘરમાં આવેલા ટીવીના દરેક ચેનલ જોવા જેટલું પણ સ્વાતંત્ર્ય સ્ત્રીઓને હતું? કર્મચારીઓના હાથમાં ૧૯૯૦માં કોમ્પ્યુટર આવ્યું એ પહેલાં શોર્ટહેન્ડ અને ટાઈપીંગમાં જ ધન્યતા માનનારી આ પેઢીને બરણીમાંથી પાઉચનાં શિફ્ટ થતાં દૂધને જોયું છે!

**તારા અધર પે સ્મિત ફરીથી ખીલી ઊઠ્યું,**
**એ ગૌણ વાત છે કે હજી હું ઉદાસ છું.**
**ધુમ્મસની જેમ પળમાં વિખેરાઈ જઈશ હું,**
**આમેય કયાં જીવંત છું, હોવાનો ભાસ છું!**
**- ભગવતીકુમાર શર્મા**

આ એજ પેઢી છે જેણે જૂના સંસ્કાર, પદ્ધતિ, રૂઢિ, પરંપરા ચાલુ રાખીને નવા આધુનિક વિચારને અપનાવવાની માનસિક કસરત કરી છે. 'આપણા ઘરમાં સોમવારે સ્ત્રી અપાસ કરે...' એવી સાસુની આજ્ઞા સાંભળીને સોમવારનો અપવાસ રાખનારી સ્ત્રી આજે એની દીકરીને કે વહુની 'માસિક'માં મંદિર દર્શન જેવી આધુનિકતા પણ સહજ સ્વીકારતી થઈ છે. ઘરની જરૂરીયાત સમજીને નોકરી છોડી દેનારી સ્ત્રી આજે એનાં ધરબાઈ ગયેલાં અરમાન પુરા કરવાં કંઈક કામ કરવાં માગે છે, એવી સ્ત્રીને હિંમત આપે છે.

અમારે બાળકો નથી જોઈતા એવી જીદે ચઢેલા દીકરાને પણ સમજી લે છે. 'અમારે અલગ ઘર કરવું છે' ની ડિમાન્ડ પર સ્વીકારી જાતે જ એનાં નવાં ઘરનું વાસ્તુ પણ કરાવી આપે છે. દીકરીના ઑફિસ મિત્રોને ઘરે જમવા બોલાવે છે અને મંગળાગૌરીની જગ્યાએ મસ્ત પાર્ટી અરેન્જ કરે છે. 'સીમંત'ની જગ્યાએ શ્રીમંતાઈ બતાવી 'ટેસ્ટ ટ્યુબ' અને 'સેરોગોટ' સુધીની ચર્ચા કરી જાણે છે.

આ બધાં થોડા ઉદાહરણ છે પણ આ સ્ત્રીઓ એમનાં સંઘર્ષમય પ્રવાસમાંથી શીખીને ઉદાર થઈ છે. પ્રશ્ન એ છે કે આ બધું જ કરનારી સ્ત્રી પોતે પાછી આવું કરી શકે છે? પોતાના વિચાર કે સ્વાતંત્ર્યની લડાઈ લડી શકે છે? કરિઅરિસ્ટ દીકરી કે વહુને નોકરી કરવાની પરવાનગી આપતી, પોતે કયાંક કામે જઈ શકે છે! એને પોતાને શું જોઈએ છે, એ સમજી શકી છે? અને કદાચ સમજી તો શું નિર્ણય લઈ શકે છે. આર્થિક સ્વાતંત્ર્ય એટલે માત્ર રૂપિયા કમાવવાના નહીં પણ, નિર્ણય લેવાના, એ એને ખબર પડી છે?

આજુબાજુ નજર ફેરવીએ તો અલગ-અલગ જવાબ મળે છે. અત્યારે માત્ર શહેર કે ટાઉનની સ્ત્રીઓની વાત સમજીએ, કારણ ગ્રામીણ જીવનનું ચિત્ર અલગ છે. અને એટલે જ પેલી નદી કે પર્વત જેવી સ્થિતિ આ સ્ત્રીઓની લાગે છે. સાવ સાદી વાત કરીએ તો મોબાઈલની ખરીદી સમજીએ. એના પતિ માટે એ સ્ટેટ્સ ઑફ આર્ટ જેવો સ્માર્ટફોન હશે, દીકરી પાસે પણ લેટેસ્ટ જ મોબાઈલ હશે, પણ એની પાસે? સ્માર્ટ પણ સાદો કે લો બજેટ! એવું જ લેપટોપ માટે પણ...

એવું નથી કે એને લેટેસ્ટ સ્માર્ટ ફોન ગમતાં નથી કે જોઈતાં નથી, પણ કુટુંબની પસંદગીને પ્રાધાન્ય આપવાની પરંપરાગત વૃત્તિ ત્યાગવાનું એને આવડતું નથી, અથવા તે એમ કરતી નથી. હવે આ પ્રકારની વૃત્તિ એ ભૂલ છે કે સાચું? એ પાછો અલગ ચર્ચાનો મુદ્દો બની શકે. પણ એ વિચાર ન કરતાં આવું કેમ? એ તો વિચારવું જોઈએ.

આજની યુવા પેઢી સ્વતંત્ર વિચાર કરનારી અને પોતાને શું જોઈએ છે એની પૂર્ણ કલ્પના કરનારી છે અને જે વૃદ્ધ પેઢી (એટલે કે ૬૫ની ઉપરવાળા) એમની ઉંમરનો, મોભાનો લાભ ઉઠાવી એમની પસંદગી બાબતે આગ્રણી છે. મજાની વાત એ છે કે એમનું માત્ર લેટ કે અર્લી ફોર્ટી પેઢી જ માને છે અને પછી પીસાય છે. અને એમાંય નદી કે પર્વતની જેમ માત્ર સ્ત્રી જ ભરાય છે. જૂની અને નવી પેઢી વચ્ચે આ રમતમાં દાવ આપતી સ્ત્રી જો તમને સમજાય તો એને દાવ લેવા દેજો!!

**ચૂંટલો** : સાસુ અને દીકરીની ખુશીથી ફરમાઈશ પુરી કરતી સ્ત્રીની આ છેલ્લી પેઢી છે. ચેઈન્જ ઑવરની સાક્ષી આ સ્ત્રીને નવા-જૂનાને બાંધી રાખવામાં ઘણું સેક્રીફાય કર્યું છે. વટસાવિત્રીથી વોટ્સએપ સુધીની સફર ખેડનારી આ સ્ત્રીની લાસ્ટ જનરેશન છે. હવે તો રસોઈ ઘરથી રેસ્ટોરન્ટ તરફની દોડ ચાલું છે!

**- pratibhav@sanjaythorat.com**